R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 56 Issue No. 1 April - 2013

## પાણી

તમે આવી સ્વચ્છંદી સ્ત્રીને છૂટાછેડા કેમ આપી દેતા નથી ?

સોક્રેટિસને એક જણાએ પ્રશ્ન પુછ્યો.

એવું છે ને કે જેને ઘોડાઓ પાળવા હોય તેણે તોફાનીમાં તોફાની ઘોડા પાળતા શીખી લેવું જોઈએ કે જેથી તેને બીજા ઘોડાઓ પાળવામાં કોઈ તકલીફ ન થાય ! તમારા પ્રશ્નોનો જવાબ આમાં આવી જાય છે..... બોલો સમજી ગયા ?

ના..... આમાં કો કાંઈ જ સમજાતું નથી.... સહેજ વિસ્તારથી સમજાવો તો ખ્યાલ આવે ?

એથેન્સના લોકો સામે મારે પુષ્કળ વાદ-વિવાદ કરવા પડે છે.... જ્યારે મારી સ્ત્રી વાદ-વિવાદમાં ભલભલાને પછાડી દે તેવી છે. જો હું એને જીતી લઉ તો બીજાઓને જીતવામાં મને કોઈ જ તકલીફ ન પડે ! આ ગણતરીએ હું તો તને સાચવું છું ! તમે છૂટાછેડાની વાત ક્યાં કરો છો ?

સૉક્રેટિસનો જવાબ સાંભળીને પૂછનારો સ્તબ્ધ થઈ ગયો.

પાણીની એક વિશેષતા છે કે ગમે તેવો બેડોળ વાસણમાં પણ ગોઠવાઈ જાય છે. .... તપેલી...થાળી.... વાટકો.... લોટો... ગ્લાસ.... કૂંજો.... રકાબી.... કપ... એ દરેકેમાં પોતાની જાતને ગોઠવી દેવા તૈયાર હોય છે.

આ જગતમાં કેટલાક જીવો આ પાણી જેવા હોય છે... ગમે તેવો વિષમ સંજોગો વચ્ચે કે ગમે તેવા વિચિત્ર સ્વભાવવાળી વ્યક્તિ સાથે રહેવાનો પ્રસંગ તેઓને નડયો હોય તેઓ ક્યારેય અકળાતા નથી... ગભરાતા નથી કે આવેશમાં આવતા નથી ! પોતાના મનની પ્રસન્તાને અખંડિત રાખવામાં તેઓ નિષ્ફળ જતા નથી.

આપણે આપણા જીવનને આ પાણી જેવું બનાવી દેવાની જરૂર છે..... સંસાર છે એટલે ન ધારેલું ઘણું બધું બની જાવાનો સંભવ છે.

એવા સમયે ચિત્તરત્ન કલૂષિત ન થઈ જાય એની કાળજી રાખવામાં આપણે જો ફાવી જશું તો ઢગલાબંધ અશુભકાર્યોના ભારથી આત્માને બચાવી શકશું.

– સંકલન

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી શાંતાબહેન શાંતીલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત

## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમા વર્ષ ૨૦૧૧-૨૦૧૨ તથા વર્ષ ૨૦૧૨-૧૩મા ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમા K.G ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C, B.Com B.Sc., BDC, CA, L.L.B, M.B.A. MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરીક્ષામા સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષ કોપી) પાછળ પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૫-૬-૨૦૧૩ સુધીમાં સંસ્થાની ઓફીસમા આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**નોંધ :** આ વર્ષે, ગત વર્ષ અને ચાલુ વર્ષ બેઉના પારિતોષિકનું વિતરણ કરવામા આવશે.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી**

---

## શ્રીમતી તારાબેન કિર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ હોસ્પીટલ સહાય યોજના

**તથા**

## શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થય યોજના અંગે

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપયુક્ત પ્રવૃત્તીના અનુસંધાનમા ચાલુ વર્ષ (૨૦૧૩-૨૦૧૪) હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજનાનો સહાય લેવા ઈચ્છુક સભ્યો ને નવા ફોર્મ તા. ૧૫-૪-૧૨ના રોજથી નીચે જણાવેલ એડ્રેસ પર થી મેળવી વિગતવાર ભરી ને મોકલવું.

**સોમિલ જીતેન્દ્ર મોદી :** શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટીટ, ૨જે માળે, બેગ મોહમદ સ્કુલની સામે. મુંબઈ - ૪૦૦ ૦૦૩, ટેન. ૨૩૪૨૬૩૧૬, સમય ૧૨ થી ૬.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - સૌમિલ મોદી (ઉપપ્રમુખ)**

# જ્યોતિ પુંજ

**વર્ષ** ૫૭ **અંક** ૦૧ **તારીખ** ૨૦-૦૪-૨૦૧૩

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / દેવાંગ મોદી

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# બાળ ઉછેર

## The Most Wonderful Experience

**તંત્રી સ્થાનેથી**

જ્યોતિપુંજના તંત્રીલેખની શરૂઆત મેં બાળકોના ઉછેર વિષેના લેખોથી કરી હતી. શિર્ષક આપેલું 'પાપા કહેતે હૈ બડા નામ કરેગા'. ત્યારે અમે બાળક માટેની તૈયારી કરતાં હતાં, અને એ વિશે ખુબ વાંચતા, બાળકનો ઉછેર કઈ રીતે કરીશું એ વિશે વિચારતાં, ક્યાંક ઉણાં તો નહી ઉતરીએને એવો ડર પણ લાગતો. બધા મા-બાપની જેમ જ અમે પણ ઈચ્છતાં કે બેટા હમારા બડા નામ કરેગા. આ વાતને ૨૫ વર્ષ થયાં. ૨૫ વર્ષ પહેલાં બાળઉછેર વિશે ફક્ત વાંચતાં અને વિચારતાં, આજે અનુભવો લખી શકું છું. કારણ કે આજે અમે બાળઉછેરની પ્રક્રિયા સંતોષપુર્વક પસાર કરી છે. બે સારા ઈન્સાનનું ઘડતર કરી ચુક્યા છીએ. અમારા બાળઉછેરના એ અનુભવો આજે તમારી સાથે શેર કરવા છે. કદાચ યંગ જનરેશનને કામ લાગે એ દ્રષ્ટિએ !

હું માનું છું, કે બાળકને જન્મ આપવો એ ખુબ જ જવાબદારીનું કામ છે. બાળક એક અકસ્માત કે ભુલ ન હોવી જોઈએ, વાસનાનું નહી પણ પ્રેમનું ફળ હોવું જોઈએ. જ્યાં સુધી બન્ને પતિ પત્ની વચ્ચે પ્રેમ, સાચા અર્થમાં પ્રેમ (આકર્ષણ માત્ર નહી) ન થાય ત્યાં સુધી બાળકને જન્મ ન આપવો જોઈએ. કારણ કે બાળ ઉછેર એ એક સંયુક્ત જવાબદારી છે. થોડા દાખલા સાથે જોઈએ. કેટલાંક કિસ્સાઓમાં ગર્ભ રહી ગયો એટલે લગ્ન થતાં હોય છે. કેટલાંક માં 'હમણાં નહોતું જોઈતું' એવો અફસોસ હોય છે. કેટલાંકમાં બે બાળકો પછી 'વધારાની' ભુલ થઈ જતી હોય છે. તો કેટલાંયે

કિસ્સામાં દિકરાના ટાર્ગેટ સાથે દીકરીઓ પેદા થતી હોય છે. વંશ આગળ વધારવાના નામે તો ક્યારેક વાંઝીયા મેણું ટાળવા મા-બાપ બનાતું હોય છે. તને જોઈતું હતું બાકી મને બાળકમાં કંઈ રસ નહોતો 'કે' બાળક થશે એટલે બન્ને ઠેકાણે પડી જશે' જેવા કારણો બાળકના જન્મ માટે કારણભુત ન જ થવા જોઈએ. બાળક બળાત્કારનું પરિણામ પણ ન હોવા જોઈએ. આવી દરેક ભુલ માટે હું એબોર્શનની ભલામણ કરું છું. કોઈ પણ ધર્મમાં આનો વિરોધ છે પરંતુ જવાબદારીપુર્વક, પ્રેમપુર્વક બાળ ઉછેરની તૈયારી ન હોય તો આપણને કોઈ જીવને આ પૃથ્વી ઉપર લાવવાનો કોઈ હક નથી. એબોર્શન કરતાં આ પાપ ખુબ મોટું છે અને આનું પરિણામ થનાર બાળક અને માનવસમાજ બન્નેએ ભોગવું પડતું હોય છે.

બાળકનો જન્મ અને તેનો ઉછેર એ મૂર્તી ઘડવા જેવી એક લાંબી સર્જનની પ્રક્રિયા છે. સૌ પ્રથમ તો એની પરિકલ્પના કરવી પડે પછી ધીરજપુર્વક એને આકાર, રંગ, રૂપ, આપવા પડે. ક્યાંય પણ કચાશ રહી જાય તો એક સારી મુર્તિ કે સારો માણસ તૈયાર ન થાય.

માતાના ગર્ભમાં હોય ત્યાંથી જ બાળ ઉછેરની શરૂઆત થતી હોય છે. થનાર માતાને ખુશનુમા વાતાવરણ આપવાની જવાબદારી ઘરના બધાની હોવી જોઈએ.

અભિમન્યુનો દાખલો લઈને બાળકને માટે માતાનું સારું વાંચન, સારા વિચારો, સારી વાતો ખુબજ અગત્યની હોય છે. આ ઉપરાંત મારું બાળક પણ મારી સાથે ખાય છે એ ધ્યાન રાખીને જરૂરી પોષણ પણ લેવું જ જોઈએ.

બાળક આવે ત્યારે એ દીકરો હોય કે દીકરી પ્રેમપુર્વકનો સંપુર્ણ સ્વીકાર ખુબજ મહત્વનો છે. મનનો જરાક સરખો કચવાટ પણ એના ઉછેરમાં બાધારૂપ બને છે. સ્તનપાન એ માતા અને બાળક માટે નાડ કાપ્યા પછીનું બીજું બંધન છે. અને એ પણ ખુબજ પ્રેમપુર્વક થવું જોઈએ. એ સમયે માતાનું ધ્યાન ફક્ત અને ફક્ત બાળકમાં જ હોવું જોઈએ. માતાની હુંફમાં એ સલામતી અનુભવે છે. બાળકનું રૂદન માતા અને પિતા બન્નેની એ સંયુક્ત જવાબદારી છે. હાલરડાં ગાઈને સુવડાવવાની પ્રથા ચાલુ રાખવી જોઈએ. એમાં કેસેટ મુકવાથી ન ચાલે, માનો પ્રેમાળ અવાજ બાળક પિછાનતું હોય છે એ અવાજ દ્વારા બાળક માની હાજરી અનુભવે છે અને નિરાંતે સુઈ જાય છે. બાળક થોડું સમજણું થાય પછી વાર્તાઓ કહીને સુવાડવાનું પણ એટલું જ જરૂરી છે. બાળક વાર્તાઓ દ્વારા કલ્પનાઓ કરતાં શીખે છે. ઘણી શિખામણો કે સારા સંસ્કારો બાળકને વાર્તાઓ દ્વારા સહેલાઈથી આપી શકાય છે. અને એ વાર્તા વાગોળતું વાગોળતું જ્યારે સુઈ જાય છે ત્યારે એજ વિચાર પ્રક્રિયા અને વાતો એના સપનાઓનો હિસ્સો બને છે. કંઈ નહી તો એની આગળ મોટે થી પ્રાર્થના બોલીને સુવાડવાની ટેવ પણ સારી છે. ઘરમાં વધારે માણસોની હાજરી અને સતત અપાતું ધ્યાન બાળકને હોશિયાર બનાવે છે. એની સાથે સતત વાતો થવી જોઈએ અને એના બધાજ સવાલોના જવાબ સમજણપુર્વક આપવા જોઈએ. એની વાતોને ટાળવાની કે મશ્કરી કરવાની કોશિશ ક્યારેય ન કરવી જોઈએ. એના સવાલનો જવાબ ખબર ન હોય તો પછી વાંચીને કહીશ. એમ કરીને સમય માંગવો જોઈએ. ખોટા જવાબ કે ઉડાઉ જવાબોથી બાળક આપણામાં વિશ્વાસ ગુમાવે છે. બાળકો માટે માબાપનો સમય ખુબજ મહત્વની વસ્તુ છે એને કુદરત સાથે, પ્રકૃતિ સાથે

પ્રાણીઓ પક્ષીઓ સાથે પ્રેમ કરતાં નાનપણથી શીખવવું જોઈએ. આજના મા-બાપ પોતે પણ ભાગ્યેજ ગાર્ડનમાં જતાં હોય છે પણ બાળક માટે પણ જવું જરૂરી છે. વિવિધ છોડ, ઝાડની અને પક્ષીઓ કે ફુલોની સમજણ આપવી જોઈએ. સ્કુલમાં જ્યારે બોટની શીખવતાં હતા ત્યારે ગાર્ડનમાં જાસુદના ફુલનું ડીસેકશન કરીને આપેલી સમજ હજી પણ મારા બાળકોને યાદ છે. જેમ્સ ચોકલેટની એમની સાથે આપ-લે કરીને સમજાવેલા સરવાળાને બાદબાકી એમના મનમાં ચોકલેટની માફક ઘુસી ગયેલા. પલાખાં કે ઘડીયા આજે ભુલાઈ ગયા છે. પરંતુ એક થી ત્રીસ સુધીના ઘડીયા એ લોકોને કોમ્પીટીટીવ પરીક્ષાઓમાં ખુબજ કામ લાગ્યા હતા. સફરમાં, પછી ગાડીમાં હોય કે ટ્રેનમાં વિવિધ રમતો ખુબજ એજ્યુકેટીવ બની જાય છે. I Spy some time between my two eyes which beings from word જેવી ગેમ રમવાથી બાળકની વોકેબ્યુલરી ખુબજ સુધરે છે. બાળકોને ટીવી બતાવવાં કરતાં પુસ્તકો વાંચવાની ટેવ પાડવી જોઈએ. ચિત્ર વાર્તાથી શરૂ કરી ને ટુંકી વાર્તાઓ અને પછી વધુ પુસ્તકો લાવવા જોઈએ. શરૂઆતમાં એની સાથે બેસીને વાંચી સંભળાવવી જોઈએ અને સમજાવવી જોઈએ પછી એને આપોઆપ રસ પડી જાય છે. હવે ટી.વી. માટે અને કોમ્પ્યુટર માટે પણ વિવિધ એડજ્યુકેટીવ પ્રોગ્રામ મળે છે. વિવિધ કવીઝ અને ગેમ પણ મળે છે. માબાપે આ બધુ શોધવામાં સમય ફાળવવો જોઈએ. ફક્ત ટીવી નથી જોવાનું કહેવાથી કામ નહી ચાલે એને ઓલ્ટરનેટીવ પ્રવૃતિ આપવી પડે. બાળકોને આ જ કરવાનું છે એમ કહેવાને બદલે તારે આમ કરવું છે કે તેમ કરવું છે. એવી ચોઈસ આપવી જોઈએ. આનાથી બાળક કોઓપરેટ કરતું થાય છે. બાળકની કોઈ પણ માગણી સ્વીકારતાં કે ના પાડતાં પહેલા વિચાર કરવો જોઈએ. યોગ્ય વિચાર અને નિર્ણય લીધા પછી એની ઉપર ફર્મ રહેવું જોઈએ જો એ જીદ કરે અને આપણે નિર્ણય બદલીએ તો પછી એ જીદ્દી બની જાય છે. પતિ પત્નીમાં એક સમજણ કેળવવી જોઈએ. એક જણ કંઈ કહે એની વિરૂદ્ધ બાળકની સામે ક્યારેય ન કહેવું જોઈએ. પછી થી એની ચર્ચા કરીને નિર્ણય બદલી શકાય પણ બાળકની સામે જ્યારે માતા અને પિતા જ એકમત ના હોય તો બાળક પછી પોતાની મરજી પ્રમાણે મા કે બાપ પાસે વાત મનાવતાં થઈ જાય છે. બાળકો આપણી શિખામણો કરતાં આપણા વર્તનને જોઈને શીખતું હોય છે. આપણે જે કહીએ કે શીખવીએ એ પહેલાં આપણે અપનાવવું જોઈએ. ખોટું ન બોલવાની શીખામણ આપીને આપણને જ ખોટું બોલતાં જોઈને બાળક આપણી વાતમાંથી વિશ્વાસ ગુમાવે છે. આપણે જ એમના રોલ મોડેલ બનવું પડે. મિત્રો સાથેના ઝગડામાં કે કોઈની સાથેના ઝગડામાં બીજાની સામે એને સજા ન કરવી જોઈએ. બીજાના દેખતાં થયેલી સજા બાળકને શરમજનક પરિસ્થિતિમાં મુકે છે અને એ બગાવત કરતું થઈ જાય છે. કેટલીકવાર સજા જરૂર બની જાય છે. ક્યારેક ટપારવા પણ પડે પરંતુ સજા કે મારના અંતે પ્રેમપુર્વક એનું કારણ અને એનાથી તમને થયેલું દુઃખ પણ સમજાવવું જોઈએ. એનાં મનમાં તમારા માટે દ્વેષ કે ગુસ્સો સંગ્રહાયેલો ન રહી જાય, એ જોવું જરૂરી છે.

કૃષ્ણના તોફાનોની વાત આનંદ પુર્વક માણતાં મા-બાપ પોતાનાં છોકરાંઓનાં તોફાનો સહન નથી કરી શકતાં. અમે તો સામેથી બાળકોને તોફાન કરાવતાં અને એને યોગ્ય દીશામાં તોફાનો શીખવતાં. આજે એ તોફાનો અને એની વાતો એક સુખદ સંભારણું બની ગયા

છે. ત્રણ થી ચાર ધોરણ સુધી બાળકને જાતે ભણાવવું અગત્યનું છે. પોતે વાંચી સમજી અને પછી જો બાળકને એને સમજાય એવી રીતે શીખવવામાં આવે અને એની સાથે બેસીને લેસન કરવામાં મદદ કરીએ તો બાળક જલ્દીથી ગ્રહણ કરી લે છે અને ભણવામાં રસ લેતું થાય છે. ન સમજાય તો નવી નવી રીતે જુદી જુદી રીતે સમજણ પાડવી જોઈએ. આ માટે ધીરજ ખુબજ અગત્યની હોય છે. આજના વિભક્ત કુટુંબના, ફ્લેટમાં રહેતાં બાળકો માટે બીજા એમના જેટલાં બાળકો સાથે રમવાની સગવડ કરવી ખુબજ મહત્વની છે. પછી એ શોધ કમ્પાઉન્ડમાં કે ગાર્ડનમાં પુરી થાય તો એના સ્કુલના મિત્રોના માબાપ સાથે મૈત્રી કરીને પણ પુરી કરી શકાય. બાળકોને નાનપણથી બીજાને મદદરૂપ થવાની, આપવાની ભાવના કેળવવી જોઈએ. એની બર્થડે ભલે મોટી પાર્ટી કરીને ઉજવો, એ દિવસે ગરીબ બાળકોને એના હાથે ગીફ્ટ આપીને કે રમકડાં આપીને એને સમજાવવું જોઈએ કે બીજાઓ પાસે શું નથી, જે એને સહજ રીતે મળે છે. આનાથી એને વસ્તુઓની કિંમત પણ સમજાશે અને બીજાને મદદરૂપ થવાની ભાવના પણ કેળવાશે. બાળકની કોઈ પણ નિષ્ફળતામાં એનો સાથ ન છોડવો જોઈએ. એનામાં મુકેલો વિશ્વાસ ન ગુમાવવો જોઈએ. એ નિષ્ફળ જાય કે ફેઈલ થાય તો વઢવાને બદલે એની સાથે રહીને, સમજાવીને એનો આત્મવિશ્વાસ પાછો અપાવવો જોઈએ અને જયાં સુધી સફળ ન થાય ત્યાં સુધી એનો સાથ નિભાવવો જોઈએ. ચેલેન્જની બાબતમાં બે પ્રકારના બાળકો જોવા મળે છે. એક ને ચેલેન્જ આપીએ કે તું આ કરી જ ન શકે તો એ કોઈ પણ રીતે કરીને બતાવે અને બીજાને એ ચેલેન્જ સ્વીકારવા માટે પ્રોત્સાહીત કરવો પડે માટે આ બાબત બાળકની પ્રકૃતિ પીછાનીને કરાવવી જોઈએ. બાળકોને કોઈ પણ વસ્તુને earn કરતાં શીખવવું જોઈએ. તને સાઈકલ મળશે પણ એ માટે તારે સારું પરિણામ લાવવું પડશે. પછી ભલે થોડું નબળું પરિણામ સાઈકલ અપાવવી જ જોઈએ. પણ પછી એ થોડી વધુ મહેનત કરીને તમને તમારી અપાવેલી વસ્તુનું વળતર વધુ મહેનત દ્વારા આપશે. ટુંકમાં વસ્તુ તો આપવી જ છે પણ એણે એ વસ્તુ કમાઈ છે એવો ભાવ એનામાં આત્મવિશ્વાસ જગાવશે.

બાળકો થોડા મોટા થયા પછી એના નિર્ણયો એની સાથે ચર્ચા કર્યા પછી એની જાતે લેવા દેવા જોઈએ. આપણે પરિસ્થિતિની છણાવટ, એની પોઝીટીવ, નેગેટીવ બાબતો સમજાવીને નિર્ણય એમની ઉપર છોડવા જોઈએ. ક્યારેક ખોટા નિર્ણયો ભલે લેતાં, નિષ્ફળ ભલે જતાં, એમાંથી એ ઘણું બધું શીખે છે. કોઈના પણ અનુભવોની વાતો જ્યાં સુધી આપણે એ પરિસ્થિતિમાંથી પસાર ન થઈએ ત્યાં સુધી સમજાતી નથી. અને માણસે લાઈફમાં નિષ્ફળતાનો સ્વાદ પણ ચાખવો જ જોઈએ. એને પચાવતાં શીખવું જ જોઈએ. જોકે સફળતાં કે નિષ્ફળતાં બન્ને પરિસ્થિતમાં આપણે એમની સાથે જ છીએ એવો અહેસાસ એમને દરેક પળે કરાવવો જરૂરી છે.

૧૨ કે ૧૪ વર્ષની વયે છોકરાઓને બાપ પાસેથી અને છોકરીઓને મા પાસેથી સેકસ એજ્યુકેશન મળવું જોઈએ. આ વસ્તુની ચર્ચા સહજ રીતે થવી જોઈએ. આપણે નહી કરીએ તો આજના ઈન્ટરનેટના યુગમાં આ બધું હાથવગું છે. પરંતુ આ ચર્ચા આપણે એમની સાથે કરીશું તો કેટલીંક ખોટી કે વિકૃત માહીતીઓથી અને ગેરસમજથી એમને બચાવી શકીશું. બીજું આ ચર્ચા દ્વારા માબાપને બાળકો વચ્ચેનો સંકોચનો પડદો હટી જશે. મૈત્રી થઈ જશે. અમુક ઉંમર પછી બાળકો સાથેની મૈત્રી

સંબંધોમાં વધુ ઊંડાણ અને પરિપકવતા લાવે છે. એ સંબંધો લાંબે સુધી વિકસવાનો માર્ગ ઉઘડે છે.

આ બધું કર્યા પછી પણ ભવિષ્યમાં એમને કઈ અને કેવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે ? એ શું કરશે ? કેવી રીતે એમાંથી સફળતા પુર્વક પસાર થશે એવા વિચારોતો આવ્યા જ કરે. ખાસ કરીને સાસરે જતી છોકરીઓ માટે અને વિદેશ ચાલી જતાં છોકરાઓ માટે પરંતુ એ આપણા હાથની વાત નથી. આપણે આવનાર દરેક પરિસ્થિતિનો વિચાર કરીને એ માટે તૈયારી ન કરી શકીએ. આપણે તો બસ આત્મવિશ્વાસનું, હિંમતનું સિંચન કરી શકીએ. જીવનની દરેક બાબતમાં પોઝીટીવ દ્રષ્ટિકોણ રાખવાની સમજણ આપી શકીએ. જીવનમાં દરેક સફળતાં પહેલાં નિષ્ફળતાં મળવાની જ છે. પરંતુ દરેક નિષ્ફળતા આપણને સફળતાની દિશામાં દોરતી હોય છે એવી સમજણ આપી શકીએ. બાકી સ્વીમીંગ પુલમાં આપણે ભલે સારામાં સારું તરતાં શીખવ્યું હોય, જીંદગીના દરિયામાં તો તરવાનું, પાછા ફેંકાવાનું, તોફાનોનો સામનો કરવાનો, મોજાની થાપટો ખાઈને પણ આગળ વધવાનું કામ તો એમણે જાતે જ કરવું પડશે. આપણને આપણા ઉછેરમાં અને બાળકોમાં વિશ્વાસ હોવો જોઈએ. એમને આપણામાં વિશ્વાસ હોવો જોઈએ કે દુનિયાની કોઈ પણ મુશ્કેલીમાં એ આપણી પાસે આવી શકશે. દુનિયા આખી બીજી તરફ હશે તો પણ મારા માબાપ મારી સાથે હશે. બસ આજ બાળઉછેરની સફળ પ્રક્રિયાનું માપદંડ છે. હજી પાનાઓ ભરાય એટલું લખી શકું છું. પરંતુ આજે આમ પણ મારી મર્યાદા લંબાઈ ગઈ છે. એટલે અહીં જ વિરમું છું.

**- નિખિલ પરીખ**


# ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)

**(જ્યોતિર્વિદ-મુંબઈ)**

**Sankalp Astrologist & Palmist**

તથા

## દક્ષેષ ભટ્ટ

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩ચ૧૬ ૧ માળે, જ્વ્લેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬**

**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯ । Email : gopaljbhatt@yahoo.co.in**

**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨ ● મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

**ઋતુ એક જ હતી પણ આપણો રંગ ક્યાં એક હતો ?**
**મને સહેરા એ જોયા છે તમને બહારો એ જોયા છે !**

# એક બીજાને ગમતાં રહીએ

આથમતી સાંજે એક જૂની ખાતાવહી લાગી હાથ
એકલતાનો હિસાબ કાઢતા મળ્યા ફેરા સાત
સંબંધો બધાજ ઉધાર, જમા માત્ર ઉઝરડા !
આંસુ નું ચક્રવૃદ્ધિ વ્યાજ ને વાયદા બધા માંડી વાળેલા,
સપના વિશે વિગત નથી ખાસ આટલું જોયું માંડ
ત્યાં ખૂટવા આવ્યો ઉજાસ,
ઝળઝળિયા આવીને પાપણે ટીંગાયા
કહે છે અમે તો કાયમના માંગણ,
વિતેલા વર્ષો પણ ડોકાવા લાગ્યા
ને ભીંજાયો ચોપડાનો કાગળ,
અંધારુ હળવેથી ઓરડામાં ઉતર્યુ
ને સાંચવીને રાખેલું બધુ લૂછયું
આખીય રાત પછી આંખો મીંચાય કઈ ?
પડખાં બદલાતા મે પૂછ્યું
કોણે લખેલી આ કોરી કિતાબ છે ?
કેટલા જન્મોનો આ બાકી હિસાબ છે ? ...

**– કાજલ ઓઝા વૈદ્ય**

પતિ અને પત્ની વચ્ચેનો પ્રેમ કેવો હોવો જોઈએ. ઝરમર વરસતા વરસાદ જેવો ? કે જે વરસે તો મૂસળધાર નહી તો કોરો ધપાક ? ના એતો હવા જેવો હોવો જોઈએ જે પ્રત્યેક શ્વાસમાં મહેસુસ થાય, પાણીના બે ટીંપા જેવો હોવો જોઈએ જેને એક કરીએ પછી ક્યારેય છુટા ન થઈ શકે. લગ્ન સમયે અગ્નિની સાક્ષીએ સપ્તપદીને ફેરા ફરતા સમયે નવ વર-વધુ એક બીજાને સાત વચનો આપે છે. આજીવન તે વચનોને વળગી રહેશે. છતાંય લગ્નના આઠ-દસ વર્ષ પછી બન્ને વચ્ચે એવુ તે શું થઈ જાય છે ? કે એક જ ઘરમાં એક જ છત નીચે રહેવા છતાં બેઉં જણ વચ્ચે લાગણીઓનો સંદંતર અભાવ થઈ જાય છે. લગ્ન પહેલા એકબીજા માટે ચાંદ-તારા તોડીને લાવી આપવાની વાતો કરતા ન થાકતા પતિ-પત્ની એક બીજા સાથે અબોલા લઈ લે છે. જાણે પરાણે સંબંધોનો ભાર ખેચતાં હોય એવું લાગે ! એવું લાગે જાણે કે સમાજની સાક્ષીએ થયેલા લગ્ન સમાજની સાક્ષી નિભાવવા સિવાય બીજુ કશું નથી. વિવેક મનહર ટેલર લખે છે.

**છે સંબંધ કાંઠાની માટે સમા સૌ**
**ઉડે ભેજ થોડો, બની જાય રેતી,**

એકબીજજાને સાત જન્મોનો સાથ આપનારાં, એક જન્મમાં જ કેમ એકબીજાથી ગળે આવી જતાં હશે ? કવિ , આઝમ ઘડિયાળી લખે છે,

**કિતને દૂર દૂર હોકે ભી કિતને પાસ પાસ હે ચાંદ ઔર તારે**
**કિતને પાસ પાસ હોકે ભી કિતને દુર દુર હે હમ !**

અને આમ જોવા જાવ તો તમને લગભગ દરેક કુટુંબમાં સરખો અનુભવ થાશે ? સંબંધો એક જગ્યાએ આવીને બરફ જેવા થંડા ને રુટીન બનવા લાગે છે ! જગદીશ જોષી લખે છે

**લગ્ન જીવનના વીતી ગયેલા વર્ષો,**
**કબાટમાં સૂટ અને સાડી થઈ લટકે છે.**
**સવારે ન્હાવા જાઉ ત્યારે બાથરૂમમા હું પહોચું**
**એ પહેલાં મારો ટુવાલ પહોંચી જાય છે.**
**અને નાહીને ભીનો થયેલો હું નક્કી નથી કરી શકતો**
**કે એમાં Routine છે કે પ્રેમ !**

ખરેખર જાણે એમ લાગે કે પ્રેમીઓએ પોતાના પ્રેમને વેલવેટ બોક્સ માં બંધ કરીને કબાટની અંદર મૂકી દીધો છે.

આયુષ અને આયુષી બન્ને મારા શાળા જીવનના મિત્રો શાળા પછી કોલેજમાં સાથે સાથે ભણ્યા આયુષ એકદમ સમજદાર યુવાન, ભણવામાં હોશિયાર ને

આયુષી એટલે ઉંમંગથી છલ્લો છલ દરેક સ્પર્ધામાં પ્રથમ, દરેક જણ સાથે હળી મળી જાય. બન્ને વચ્ચે પ્રેમ થયો. બેઉનું ફ્યુચર બ્રાઈટ લાગતું જીવનમાં કશુંક કરી બતાવવાના બેઉના આંખોમાં સપના છલકાતા એક અલગ જ તરવરાટ દેખાતો. બેઉ એ પ્રેમ લગ્ન કર્યા ત્યારે લાગ્યુ કે જાણે મેડ ફોર ઈચ અધર. લગ્ન પછી ઘણા વર્ષે તેમને મળવાનુ થયુ.

આયુષ એકદમ ચૂપચાપ લાગ્યો ને આયુષી પણ. સાવ શાંત, ગંભીર લાગી. બેઉ જણ કામ પૂરતીજ વાતો કરતા હોય એમ લાગ્યુ. સંવેદનાનો, પુર્વ પ્રેમનો પરિણયમાં સદંતર અભાવ લાગ્યો. બેઉને અલગ અલગ મળવાનુ નક્કી કર્યુ. આયુષ કહે શું કરૂ બહુ પસ્તાવો થાય છે. લગ્ન કરી ને, પુરુષ છું એટલે પ્રેમના વારે ઘડી એ પૂરાવા આપ્યા કરવાના. આખો દિવસ ફોન પર જાસુસી. ક્યાં છો, કોની સાથે છો, આજે કેમ મોડું થઈ ગયુ, આજે મારી વર્ષગાંઠ કેમ ભૂલી ગયા, મા-બાપ સાથે રહેવા આવે તો ગમે નહી, આ કાંઈ જીંદગી છે, મારે માટે તેની પાસે સમય જ નથી. બસ હવે બહુ થયુ ? ને આયુષી કહે તેના માટે બાળકો માટે મે મારી નોકરી છોડી દીધી. બસ આખો દિવસ ઘરમાં બેસી રહો. કોઈની સાથે હસીને વાત કરવાની નહી. વાતે વાતે એ મારાથી ચડિયાતો છે એનો અહેસાસ કરાવે. દરેક વસ્તુમાં નાની નાની ભૂલો શોધે આખો દિવસ બસ ઓફિસ, ઓફિસ, રવિવારે પણ મીટીંગો ઘરની, બાળકોની બધીજ જવાબદારી મારી, મારા માટે તો એની પાસે સમય જ નથી. મને પણ જીવન જીવવાના હોંશ છે મારે પણ દુનિયા જોવી છે. કંઈક કરવું છે બસ હવે બહુ થયું ?

આજની તેજ રફતાર જીંદગીમાં ખરેખર દંપતિઓ પાસે એકમેક માટે સમય જ કયાં છે. અને સંબધો પણ કેવા છે વરાળ થઈ વાદળ માંડ બંધાય ને ત્યાં તો વરસાદની જેમ તૂટી પડે છે.

સમયની સરાણ પર ક્યારેક સંબંધોનું મોતી ફટકિયું સાબિત થાય છે. તુટેલા સંબંધોનો કાટમાળ ખભે લઈને આપણે જીવી પણ કાઢીએ છીએ. કેટલોક ભાર ફેંકી દેવા છતાં સતત અનુભવાતો જ હોય છે. આ હોવાપણાની પીડા છે...... લાગણીશીલ હોવાની કિંમત છે..... આ જીંદગી જીવવાની કિંમત છે..... કાજલ ઓઝા વૈદ્ય લખે છે.

મૃગજળમાં જાળ નાખ્યા કરવાથી માછલા ન મળે !

આંસુ વાવવાથી મોતી ન ઉગે ! અને ઝાકળ ભેગી કર્યે ઘડા ન ભરાય...

આવા અનેક સત્યો સંબંધની શરૂઆતમાં સમજાતા હોત તો ?

અને આમ પણ આપણા સમાજમાં સ્ત્રી, પુરુષના સંબંધોમાં મોટે ભાગે તો સ્ત્રીઓએ જ સહન કરવાનું આવતું હોય છે. કાઈ પણ થાય બસ મન મારીને રહેવાનું ને પતિ પરમેશ્વર એ પરંપરાને વળગી રહેવાનું પન્ના નાયકની એક બહુ જ જાણીતી રચના લખુ છુ.

**જલાવી જાત મે મારી સુગંધ તો બધાને આપી છે**
**અહીં દરેક ઘરમાં નારીની બસ એક કહાની છે**
**રડી છે એકલી રાતે પણ હંસી બધાને આપી છે.**
**અહીં દરેક ઘરમાં સંબંધોને વાચા તેણે આપી છે.**
**ના આપ્યુ છે આપણે કશું બસ ફક્ત આશાઓ આપી છે.**
**વીતાવી છે જીંદગી આશાઓમાં બસ આ એકજ કહાની છે.**

બદલાતા સમયમાં ભાગમભાગ વાળા જીવનમાં પતિ અને પત્ની બન્ને વચ્ચે અભાવ છે, તો સમયનો સંવાદનો, એકબીજા પ્રત્યે કાળજી લેવાનો, એક બીજાને સ્પેસ આપવી પણ એટલી જ જરૂરી છે. એજ ઘર સુખી છે. જેમા પ્રેમ, વફાદારી, શ્રદ્ધા અને પરસ્પર સમજણ હોય. તમે એક બીજાને ચાહો છો એ જરૂરી નથી. પણ ક્યારેક તો કહો હું તને ચાહુ છું. એ માટે શબ્દોની પણ જરૂર નથી. બસ આંખોજ કાફી છે. જો જો ક્યારેક કોઈને એટલું સાંભળવું તો ચોક્કસ ગમે જ કે હું તને ચાહુ છું. જેમ ઈશ્વરના બનાવેલા ફૂલો, આપણે ઈશ્વરને ચડાવીએ છીએ એટલા માટે કે આપણી લાગણી, આપણો વ્હાલ, આપણો સ્નેહ પહોંચાડી શકીએ તો આપણી સાથે સતત જીવતા ધબકતા હૃદયને એકબીજા કેમ અહેસાસ ન કરાવી શકીએ ? કે કશુંયે બદલાયુ નથી. સંબંધો અને એની ઉષ્મા બરાબર છે. તો બસ હવે બહું થયું એક નિયમ કરીએ નિર્ણય લઈએ આપણે આપણા પ્રિય

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬

Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

પાત્રને ઓછામાં ઓછી તકલીફ પણ ન આપશું. એની તકલીફ વધુમા વધુ સમજશું. અને વીતેલા દિવસોને પતંગિયાની પાંખો પર મૂકીને રંગીન સપનાઓની જેમ પાંપણોની વચ્ચે જીવનભર સાચવીને રાખશું.

અને છેલ્લે આપણા નવ યુવક સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશભાઈ ધારીયા (બલબલ) એક અનોખુ, નોખી માટીનું વ્યક્તિત્વ એમની ઓફિસમા એમના ડેસ્ક ટેબલ પર રાખેલા સુવાક્યોમાંથી એક જીવનના હકારની રચના વાંચેલી યાદ છે. એટલી લખુ છું. જે આપણે આપણા જીવનમાં ઉતારી શકીએ તો ?

થોડું તમે જતુ કર્યુ હોત
થોડું અમે જતુ કર્યુ હોત
તો આ કઠિન જીંદગી સાથે જીવી શકયા હોત !
થોડું તમે અનુભવ્યુ હોત
થોડું અમે અનુભવ્યુ હોત
તો એક સુંદર જીંદગીની કલ્પના કરી શક્યા હોત !
થોડું તમે ખસ્યા હોત !
થોડું અમે ખસ્યા હોત
તો આપણી આ જીંદગી પાસે પાસે હોત !
થોડું તમે રડયા હોત
થોડું અમે રડયા હોત
તો એકબીજાના આસું સાથે લૂછી શક્યા હોત !
થોડી તમે રાહ જોઈ હોત
થોડી અમે રાહ જોઈ હોત
તો આપણી જીંદગીને એક નવી રાહ મળી હોત !
થોડું તમે સાથે ચાલ્યો હોત
થોડું અમે સાથે ચાલ્યા હોત
તો આપણે સાથે સાથે જીંદગીની કઠિન ડગર પાર કરી હોત ...

– દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)


।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**
**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)
**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**



શુભ પ્રસંગ જે જે શ્રી ગોકુલેશ શુભ પ્રસંગ





**આપણે ત્યા રૂડો અવસર આવ્યો છે.**
**તો જરૂર થી સંપર્ક કરો**

**નિરવ ફોટો આર્ટસ**
**હર્ષદ પારેખ / નિરવ પારેખ**
ફોન. ૯૮૨૧૩ ૭૯૭૭૯ / ૨૮૯૫ ૯૭૭૩ / ૯૩૨૨૫ ૧૫૩૫૧

લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા સુંદર
ડિઝીટલ ફોટોગ્રાફી / ડિઝીટલ વિડીઓ શુટિંગ

સુંદર કલાત્મક રીતે મોડલીંગ ફોટોગ્ગ્રાફી તેમજ લેટેસ્ટ સ્ટાઈલ. ફોટો લેમીનેશન / ડિઝીટલ આર્ટવક/ જૂના ફોટા ઉપરથી ડીઝીટલ નવા ફોટા બનાવી આપશું તમારી વિડીયો કેસેટ ઉપરથી - બનાવી આપીશું તુરંત અને ઝડપી સર્વિસ તમારી કંપનીના આઈ.ડી. કાર્ડ તેમજ તમારા પ્રોડકટ ફોટોગ્રાફી કરી આપશું
સી- ૧૩ સીસ્કીટા નગર, સી.એસ.રોડ,
દ્રહિસર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮
હેમેન્દ્રભાઈ શાહ / રાજનભાઈ કડકીઆ ના સૌજન્ય થી

## સત્ય

સત્ય આજ ખોવાઈ ગયુ, સત્ય આજ ભુલુ પડયું
સત્યને હું શોધી રહી., સત્ય તો અટવાઈ ગયું.
અસત્ય તો જીતી ગયું.
આગળ પાછળ દોડી રહયું
સત્ય તો જાળમાં ફસાઈ ગયુ.
સત્યને જીવનમાં થાક લાગ્યો
ધીમી ગતીએ ચાલવા લાગ્યો.
સત્યને માન અપમાન લાગ્યા
આંખ મીચોલી ખેલવા લાગ્યા.
સત્યને કોઈની વાણીમાં ગોતુ.
સત્યને કોઈનાં હૈયામાં જોવુ.
અસત્ય મોટી ખુરશીમાં બેઠું
દાન રાજાની પોટલીમાં પેઠું
સત્યની વાણીમાં બાપુને ગોતુ
ઈશને સહારે સત્યને જોઉં.

**– સરલાબેન દેસાઇ (દેડકી)**

## ધર્મ

આ મારો, ધર્મ
આ તારો ધર્મ
ધર્મના વાડામાં પુરાયો માનવી
ધર્મની ચક્કીમાં પીસાયો.
ધર્મના રંગે રંગાયો
ધર્મનો ભેદ ન સમજાયો
લોહીનો રંગ ના બદલી શક્યો
કેસરી રંગે રંગાયો
શ્વેત રંગની શીતળતા
સૌમ્ય બનીને વીખરાયો,
લાખો ધર્મની વેદીમા
માનવી તો મનમાં મુઝાયો,
ધર્મની ધજા ઉપર લઈ જાશો ?
ધર્મની વેદીમાં ડુબતાં જાશો
સર્વ ધર્મની પ્રાર્થના છે
માનવી તો માનવ થાજે,

**– સરલાબેન દેસાઇ (દેડકી)**

### શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

## અનુકરણીય દાન

અર્થસહાય મેળવી, ભણી ગણીને સંપન્ન થનારાં પુર્વ વિદ્યાર્થી મિત્રોને સમાજનું ૠણ અદા કરવાની તક મળે એવી ભાવના સાથેની દાન અપીલ ના પ્રતિસાદ રૂપે ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.

**૧**. શ્રી કુણાલ સુનીલ કાંતિલાલ પરીખ (મોટા) તરફથી - રૂ. ૨૫,૦૦૦ (રૂ.પચીસ હજાર).

મંડળ દાતાશ્રીનો અને તેમનાં પરિવારનો હૃદયપુર્વક આભાર માને છે.

આ અનુકરણીય પ્રદાન આવાં અન્ય ભુતપુર્વ વિદ્યાર્થી ઓ માટે વધુ સંખ્યામાં આગળ આવી , યથેચ્છ ફાળો આપવાં પ્રોત્સાહક બની રહેશે.

**માનદ્ મંત્રીઓ - શરદ નટવરલાલ દેસાઈ - મંજુલ શૈલેષ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૬-૫-૧૩ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ આરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સીવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : સુનીલ મોદી (ઠાસરાવાળા)**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

## નોટબુક રાહત યોજના (૨૦૧૩ - ૨૦૧૮)

### સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૭-૪-૧૩ થી તા. ૩૦-૫-૧૩ સુધી સંસ્થાની ઓફિસમાં સંપુર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૨-૬-૨૦૧૩ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનીવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : સુનીલ મોદી (ઠાસરાવાળા)**

# SHREE BALSINOR NAVYUVAK SANGH

